નં.ટીપીડી/આ/ ૩૨૯૮
તા. ૧૬ / ૧૦/૨૦૨૨

પ્રતિ,
માન.અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.:૧૪, સચિવાલય,
ગાંધીનગર.

વિષય :– સુચિત નગર રચના યોજના નં.:૯૦ (સરસાણા) નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભ :– ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ–૧૯૯૯ની કલમ–૪૧(૨)

મહાશય,

સુચિત નગર રચના યોજના નં.:૯૦ (સરસાણા) તૈયાર કરવાનો ઈરાદો સુરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિના તા.૧૫/૧૦/૨૦૨૨ના ઠરાવ નં.: ૨૨ /૨૦૨૨ થી જાહેર કરવામાં આવેલ. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા.૧૮/૧૦/૨૦૨૨ ના સેન્ટ્રલ સેકશન પાર્ટ–૨ અસાધારણ પાના નં.: ૨૪૯ તથા ૨૫૦ માં પ્રસિધ્ધ થયેલ છે. જેની નકલ આ સાથે સામેલ કરેલ છે. વધુમાં, સદર અધિસુચન સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો (૧)સંદેશમાં તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ તથા (૨) ગુજરાત ગાર્ડિયનમાં તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિક પત્રોની એક–એક નકલ આ સાથે સામેલ કરેલ છે, જે આપશ્રીને વિદિત થવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

19.10.2022
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :

(૧) માન.મુખ્ય નગર નિયોજકશ્રી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે,રોડ નં.૩, સેકટર–૧૦અ, ગાંધીનગર, ગુજરાત–૩૮૨૦૧૦, પ્રતિ.....જાણ સારૂ.

(૨) સીનીયર નગર નિયોજકશ્રી, સાઉથ ગુજરાત રીજીયોન, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, રોડ નં.૩, સેકટર–૧૦અ, ગાંધીનગર, ગુજરાત–૩૮૨૦૧૦ પ્રતિ... જાણ સારું